જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૫/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૨૫૯ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બીયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૩૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૪૦/૨૦૨૬**

નરોડાઃ ઈન્દ્રજીતસિંહ સંતોકસિંહ કપુર (ઉ.વ.૫૩)(રહે.લક્ષ્મીનગર સોસાયટી છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા હંસપુરા "વિહત પેટ્રોલીયમ" નામના પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ લેવા સારૂ ઘણી લાઈનો લાગેલ હોવાથી પેટ્રોલ પંપ ખાતે ફીલર તરીકે કામ કરતા માણસો તેમની પાસે આવેલ આવકના રોકડ રૂપિયા ૧,૮૭,૭૭૭/– ઈન્દ્રજીતસિંહને આપી ગયેલ જે રોકડ રૂપિયા ટેબલના ડ્રોઅરમાં મુકી ઈન્દ્રજીતસિંહ કામ અર્થે ગયા બાદ બપોરે ૩/૦૦ વાગ્યાના સુમારે પરત આવી ટેબલના ડ્રોઅરમા જોતા અજાણી વ્યક્તિ રૂપિયા ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.કુંપાવત ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૪૧/૨૦૨૬**

રામોલઃ માધુલાલ મોહનલાલ જાટ (ઉ.વ.૪૬)(રહે.નીલકંઠ સોસાયટી તક્ષશીલા સ્કુલ પાસે વસ્ત્રાલ) તા.૦૫/૦૫/૨૦૨૬ સવારના ૯/૪૦ વાગ્યા પહેલા મહાદેવ એસ્ટેટ વિભાગ–૦૧ ખાતે આવેલ "શ્રી બી.એન.મેટલ" નામના કારખાનામાં માલવાહક લિફ્ટમાં બેસીને ઉપરના માળે જતી વખતે માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે તેમને હેલ્થવન હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન બપોરના ૧૨/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઇ જગજીવનભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૬૪૨/૨૦૨૬**

ખાડીયાઃ સ્વપનીલ વિજયભાઈ ઠાકોર (ઉ.વ.૧૯)(રહે,પીપરડીની પોળ, રાયપુર ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૬ સાંજના ૪/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

નરોડાઃ મુન્નાકુમાર વિરેન્દ્ર યાદવ (ઉ.વ.૨૦)(રહે.શંકરનગર વિભાગ–૦૨ સામે નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

બાપુનગરઃ પ્રદિપભાઇ ડહ્યુ ગૌડ (ઉ.વ.૩૦)(રહે, ઇન્દિરા ગરીબનગર, અરૂણેશ સોસાયટી હંસ કોલોની સામે, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૬ રાતના ૯/૪૫ થી તા.૦૫/૦૫/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચિરાગકુમાર ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી